શ્રી સરદાર પટેલની પ્રતિમા તથા સ્મારકનું નિર્માણ કરવા માટે ની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
હુકમ નંબર: પરચ/૧૦/૨૦૧૧/૮૪/ન
નવા સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦/૧૦/૨૦૧૪

વંચાણે લીધા:- વિભાગનો સરખા ક્રમાંકનો હુકમ, તા.૧૭-૦૭-૨૦૧૪

આમુખ:-

રાજય સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટ અન્વયે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા તથા સ્મારક ના નિર્માણ માટે કરવાની થતી કામગીરી માટે સરકરશ્રી દ્વારા વંચાણમાં લીધેલ ઠરાવમાં દર્શાવેલ વિગતે રૂ. ૨૫૧૨.૦૦ કરોડની સમગ્ર વહીવટી મંજૂરી આપવામાં આવેલ.

સ્ટેચ્યુ ઓફ યુનીટી પ્રોજેકટના અમલીકરણ એજન્સી સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા International Competitive Bids ( ICB ) થી સ્ટેચ્યુ ઓફ યુનીટી પ્રોજેકટના EPC પ્રકારના ટેન્ડર માગવામાં આવેલ.

સ્ટેચ્યુ ઓફ યુનીટી પ્રોજેકટ કમિટી દ્વારા સરદાર સરોવર નર્મદા નિગમ લી. ની Bid Evaluation Committee ના Bid Evaluation Report, સ્ટેચ્યુ ઓફ યુનીટી પ્રોજેકટ કમિટી દ્વારા નિમેલ Negotiation Committee તથા Technical Sub Committee ની ભલામણોના આધારે સ્ટેચ્યુ ઓફ યુનીટી પ્રોજેકટ કમિટી દ્વારા સૌથી નીચા ભાવના ઇજારદાર (L1)- એ ભરેલ ઉચ્ચક કિંમત રૂ. ૨૯૮૯ કરોડ ને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવેલ છે.

રાજય સરકાર દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટ અન્વયે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા તથા સ્મારક અન્વયે કરવાની વિગતે થતી કામગીરી/ બાંધકામ માટે અગાઉ આપવામાં આવેલ સમગ્ર વહીવટી મંજૂરી રૂ. ૨૫૧૨ કરોડની સામે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ પ્રોજેકટની કામગીરીના EPC પ્રકારના ટેન્ડરની ઉચ્ચ કિંમત રૂ. ૨૯૮૯ કરોડને ધ્યાને લેતાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટની સુધારેલ વહીવટી મંજૂરી આપવાનું સક્રિય વિચારણામાં હતું.

## હુકમ :-

આમુખમા દર્શાવેલ વિગતે રાજય સરકાર દ્વારા સંપૂર્ણ વિચારણાને અંતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટ કમિટી દ્વારા ભલામણ કરવામાં આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેકટની સુધારેલ